# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16/07/2026** **Morning : 7.10 to 7.20**

**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **અમદાવાદમાં ભગવાન જગન્નાથની 149મી રથયાત્રાનું પહિંદ વિધિ સાથે મુખ્યમંત્રીએ પ્રસ્થાન કરાવ્યું.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળા આરતી કરી.**
2. **અભેદ્ય સલામતી વચ્ચે રાજ્યમાં ભાવનગર સહિતના વિવિધ સ્થળોએ રથયાત્રા નિકળશે..આજે અષાઢી બીજે કચ્છી નવા વર્ષનો આરંભ.**
3. **છેલ્લા ત્રિમાસિક વર્ષનું જીએસટી રિટર્ન ભરનાર સુરતના પુરગ્રસ્ત વેપારીઓને એક લાખની સહાયની સરકારની જાહેરાત..**
4. **પશુધન માટે ઘાસચારાના વિતરણની સત્તા કલેક્ટરને સોંપાઇ.**
5. **ચોમાસાનો બીજો રાઉન્ડ શરૂ.... રાજ્યના 118 તાલુકાઓમાં વરસાદ.**
6. **કાર્ડિફમાં આજે ભારત અને ઇંગ્લેંડ વચ્ચે બીજી એકદિવસ મેચ રમાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# RATHYATRA

અમદાવાદના પરંપરાગત માર્ગો ઉપર ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઇ બળભદ્ર વાજતેગાજતે આજે નગરચર્યાએ નીકળી રહ્યાં છે.. જય જગન્નાથનના જયઘોષ સાથે અમદાવાદના માર્ગો ગુંજી રહ્યાં છે.. વહેલી સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'પહિંદ' વિધિ કરાવી રથયાત્રા પ્રસ્થાન કરાવ્યું હતુ. મુખ્યમંત્રીએ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

BYTE – BHUPENDRA PATEL – CM

મંગળા આરતી બાદ ભગવાનને ત્રણે રથમાં બિરાજમાન કરાવાયા હતા. સાંભળીએ એક અહેવાલ....

V/C – KARAN

*જગન્નાથપુરી બાદ દેશની સૌથી મોટી ભગવાન જગન્નાથની 149મી ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા આજે અમદાવા દમાં નિકળી રહી છે..સવારથી જ રથયાત્રાના પરંપરાગત માર્ગો ઉપર ભક્તજનોની કતારો લાગી છે.. અભેદ્ય સલામતીની વ્યવસ્થા વચ્ચે ઐતિહાસિક રથયાત્રા યોજાઇ રહી છે..*

*સવારે 4 વાગ્યે મંગળા આરતી બાદ ભગવાનનું પ્રિય આદિવાસી નૃત્ય અને રાસ-ગરબાની રમઝટ બોલાવાઇ હતી. ભગવાનને વિશિષ્ટ ખીચડાનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પરંપરાગત રીતે પહિંદ વિધિ કરી અને રથ ખેંચીને પ્રસ્થાન કરાવ્યુ હતું . પ્રસ્થાન પૂર્વે ભગવાનને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું . રથયાત્રામાં સૌથી આગળ 18 શણગારેલા ગજરાજો, ત્યારબાદ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી 101 થીમ આધારિત ટ્રકો, 30 અખાડાઓ દ્વારા અંગ કસરતના પ્રયોગો , 18 ભજન મંડળીઓ*

*અને 3 બેન્ડવાજા રથને ખેંચવા માટે અંદાજે 1000થી 1200 ખલાસી ભાઈઓ સામેલ છે. , જ્યારે હરિદ્વાર , અયોધ્યા, નાશિક, ઉજ્જૈન, જગન્નાથપુરી અને સૌરાષ્ટ્ર સહિત દેશભરમાંથી આશરે 2500 સાધુ-સંતો પણ રથયાત્રામાં ભાગ લઇ રહ્યા છે.. સમગ્ર રથયાત્રા દરમિયાન ભક્તોને 45 હજાર કિલો મગ , 500 કિલો જાંબુ , 500 કિલો કેરી, 400 કિલો કાકડી, દાડમ તેમજ 2 લાખ ઉપેરણાં પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવશે.*

*કરણ મકવાણા આકાશવાણી સમાચાર અમદાવાદ*

. . . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH MANGLA ARTI

આજે અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે અમદાવાદના જમાલપુર સ્થિત ઐતિહાસિક જગન્નાથ મંદિરથી રથયાત્રાનું પ્રસ્થાન થઇ રહ્યું છે... દર વર્ષની જેમ આ વર્ષે પણ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ભગવાનની મંગળા આરતી કરી હતી.. મોટી સંખ્યામાં ભક્તજનોની ઉપસ્થિતીમાં વહેલી સવારે સાડા ચાર વાગે મંગળા આરતી કરવામાં આવી હતી.. જય જગન્નાથના ગગનભેદી નાદ સાથે મળસ્કે આ આરતી કરવામાં આવી હતી.. સંતો મહંતો અને મોટી સંખ્યામાં ભક્તજનોએ મંગળા આરતીનો લાભ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . .

## RATHYATRA - DISTRICT

આજે અષાઢી બીજના પાવન પર્વ પર અલગ અલગ જિલ્લામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિકળી રહી છે.

ભાવનગરમાં ભગવાન જગન્નાથજીની 41મી રથયાત્રાને લઈને પોલીસ તંત્ર દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. રથયાત્રા દરમિયાન દર્શનાર્થીઓને કોઈ તકલીફ ન પડે અને તેઓ શાંતિપૂર્ણ રીતે દર્શન કરી શકે તે માટે પોલીસ ખડેપગે છે.તાપી જિલ્લામાં વ્યારા , વાલોડ,સોનગઢ અને કુકરમુંડામાં નિકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈ પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવ્યું છે. રથયાત્રાને શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે સંપન્ન કરાવવા વ્યારા ખાતે પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ પણ યોજવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્યના 20થી વધુ સ્થળોએ રથયાત્રાનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . . . . . . .

## KACHCHHI NEW YEAR

અષાઢી બીજ નિમિત્તે આજે કચ્છી માંડુઓ નવા વર્ષની ઉજવણી કરી રહ્યા છે. લોકો એક બીજાને નવા વર્ષની શુભેચ્છા ઓ પાઠવી રહ્યા છે. ભુજમાં અષાઢી બીજ ની ઉજવણી ને યાદગાર બના વવા હમીરસર તળાવ ખાતે સાંસદ કચ્છ કાર્નિવલનું આયોજન કરાયું છે. તો માધાપર અને ગાંધીધામ સહીત ના સ્થળે પરંપરાગત રથયાત્રાનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . . . . . . .

## SURAT RELIEF PACKAGE HARSH SANGHVI

સુરત જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં તાજેતરમાં થયેલા ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂરની સ્થિતિથી અસરગ્રસ્ત વેપાર , વાણિજ્ય અને સેવાકીય એકમોને પૂર્વવત કરવા પુનઃવસન સહાય પેકેજ જાહેર કર્યું .. આ પુનઃવસન સહાય પેકેજની વિગતો આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રિમાસિકનું GST રીટર્ન ભરેલ હોય તેવા

દુકાનધારકોને ઉચ્ચક 1 લાખની રોકડ સહાય ચૂકવાશે. આ માટે 30 સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે.

BYTE - HARSH SANGHVI, DEPUTY CHIEF MINISTER

આ ઉપરાંત હર્ષ સંઘવીએ ગઇકાલે મળેલી કેબિનેટની બેઠકમાં કરાયેલી ઘાસચારાને લગતા નિર્ણયની માહિતી આપતા કહ્યું હતું પશુધનને ઘાસચારાની કોઇ સમસ્યા ન પડે તે માટે ઘાસચારાના પુરવઠા અને વિતરણની સત્તા સીધે સીધે ક લેક્ટરને અપાઇ છે.

BYTE - HARSH SANGHVI, DEPUTY CHIEF MINISTER

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

..................................

# CM GIFT CITY VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે તેમના જન્મદિને ગિફ્ટ સિટીની મુલાકાત લઈને વિવિધ નિર્માણાધીન પ્રોજેક્ટ્સની સમીક્ષા એક ઉચ્ચસ્તરીય બેઠકમાં કરી હતી. ગિફ્ટ સિટીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ ગિફ્ટ સિટીના સ્ટ્રેટેજિક રોડમેપ-2030 અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન કર્યું હતું , તેમાં ગિફ્ટ સિટીની વિકાસયાત્રા, વ્યૂહાત્મક પ્રાથમિકતાઓ અને ભાવિ વિકાસના વિઝનની રૂપરેખા પ્રસ્તુત કરવામાં આવી હતી.મુખ્યમંત્રીએ ગિફ્ટ સિટીમાં નિર્માણાધીન વ્યાપારી, રહેણાંક તથા સામાજિક માળખાકીય વિકાસ પ્રોજેકટ્સની સાઈટ મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## BVN NIMUBEN VISIT PM DIVYASHA KENDRA

કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાએ ભાવનગરની સર. ટી. હોસ્પિટલ ખાતે કાર્યરત 'પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્ર 'ની મુલાકાત લઈ કેન્દ્રની કામગીરી, ઉપલબ્ધ સેવાઓ અને સુવિધાઓનું નિરિક્ષણ કર્યું હતું.

આ કેન્દ્ર દ્વારા દિવ્યાંગજનો માટે વ્હીલચેર , ત્રિપહિયા સાઇકલ, બેસાખી, કૃત્રિમ અંગ , ઓર્થોસિસ, શ્રવણયંત્ર, સ્માર્ટ કેન સહિતના વિવિધ સહાયક ઉપકરણો જેવી ઉપયોગી સહાયક સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભાવનગરમાં કાર્યરત આ 'પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્ર ' દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને સહાયક સાધનો મેળવવા માટે સરળ અને સુલભ સેવા પૂરી પાડશે.

હાલમાં દેશભરમાં 105 પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્રો કાર્યરત છે. ભારત સરકારની પંચવર્ષીય કાર્યયોજના અંતર્ગત વર્ષ 2029 સુધીમાં દેશભરમાં ૩૦૦ પ્રધાનમંત્રી દિવ્યાશા કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય કરાયો છે.

. . . . . . . . . . . . . . . . .

## JAMNAGAR FOOD CHECKING

જામનગર મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ 84 થી વધુ એકમોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 45 કિલોગ્રામ અખાદ્ય તેલ , 15 કિલોગ્રામ પ્રિ-મિક્સ પેસ્ટ તથા 75 કિલોગ્રામ વાસી અને અખાદ્ય ખાદ્યસામગ્રીનો નાશ કરવામાં આવ્યો હોવાનું ખાદ્ય નિરીક્ષક એન પી જસરોલિયાએ જણાવ્યું હતું.

BITE - N. P. JASROLIA, FOOD INSPECTOR, JMC

. . . . . . . . . . . . . . . . .

## WEATHER

હવામાન વિભાગે આગામી 7 દિવસ સામાન્ય થી મધ્યમ વરસાદની આગાહી કરી છે.. સમગ્ર રાજ્યમાં ગાજવીજ સાથે સામાન્ય થી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે..હવાનું હળવુ દબાણ સક્રિય થતાં વરસાદની સંભાવના હવામાન વિભાગના વડા એ કે દાસે દર્શાવી છે.

. . . . . . . . . . . . . . . . .

## RAIN

રાજયમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે.. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં ગઇકાલે વરસાદ વરસ્યો હતો.. આજે સવારે છ વાગે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન રાજ્યના 118 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો જેમાં વલસાડના કપરાડા અને પારડીમાં દોઢ ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હતો..

. . . . . . . . . . . . . . . . . .

## CRICKET-IND VS ENG

ક્રિકેટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની શ્રેણીની બીજી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ આજે કાર્ડિફના સોફિયા ગાર્ડન્સ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા પાંચ વાગ્યે શરૂ થશે.

આ અગાઉ ભારતે મંગળવારે બર્મિંગહામના એજબેસ્ટન ખાતે પ્રથમ મેચમાં યજમાન ઇંગ્લેન્ડને 6 વિકેટથી હરાવ્યું હતું. ત્રીજી મેચ રવિવારે લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે.

. . . . . . . . . . . . . . . . . .

## GANDHINAGAR PRADHUMAN VAJA

કેબિનેટ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા દ્વારા 21 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમા દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા ખાતે વિકસતી જાતિ કલ્યાણ હસ્તક 5.99 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત સરકારી કુમાર છાત્રાલય તેમજ આણંદના ખંભાત ખાતે અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તક 7.15 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત સરકારી કુમાર

છાત્રાલય ભવનની શરૂઆત થશે. આ સાથે ડભોડા ખાતે 4.50 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા પુનઃવસન ગૃહનું પણ ઈ-લોકાર્પણ કરાયું.

બિનઅનામત વર્ગના નાગરિકો સુધી સ્વરોજગારલક્ષી યોજના સહાય સીધી પહોંચે તે માટે બનાસકાંઠા, પાટણ અને વાવ-થરાદ જિલ્લાઓમાં કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો દ્વારા કુલ 614 લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે , રાજ્ય સરકારની આ પારદર્શી અને સરાહનીય પહેલ જરૂરિયાતમંદ નાગરિકોને પોતાની રોજગારી શરૂ કરવા અને વ્યવસાયને વિસ્તારવા માટે આર્થિક પીઠબળ પૂરું પાડશે અને તેમના ઉજ્જવળ ભવિષ્યનો પાયો નાખશે.

. . . . . . . . . . . . . . . . .

## ROBOFEST GUJARAT 6.0

દેશની સૌથી પ્રતિષ્ઠિત રોબોટિક સ્પર્ધા 'રોબોફેસ્ટ ગુજરાત ૬.0'નું ગાંધીનગર ખાતે મંત્રી અર્જુન મોઢવાડિયાના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું . આ પ્રસંગે મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત આજે હાઈ-ટેક "સનરાઈઝ સેક્ટર્સ" જેવા કે સેમિકન્ડક્ટર , રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને હાઈપર-સ્કેલ ડેટા સેન્ટર્સના વૈશ્વિક હબ તરીકે ઉભરી રહ્યુ છે. દેશના ૧૨ મોટા નિર્માણધીન પ્રોજેક્ટ્સમાંથી ૬ પ્રોજેક્ટ્સ માત્ર ગુજરાતમાં જ પ્રગતિ હેઠળ છે.

આ સાથે જ , રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને ગુજકોસ્ટ વચ્ચે રાજ્યવ્યાપી 'ડ્રોન લેબોરેટરી નેટવર્ક ' ની સ્થાપના માટેના સમજૂતી કરાર પર

હસ્તાક્ષર કરવામાં આવ્યા જે રાજ્યમાં શિક્ષણ , સુરક્ષા, કૌશલ્ય વિકાસ અને ઈનોવેશન ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે.

આ સાથે જ મંત્રી શ્રીએ કહ્યું હતું કે આ વર્ષે યોજાનારી સ્પર્ધાની મુખ્ય થીમ "AI-Powered Robotics Innovation Challenge" રાખવામાં આવી છે. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા વિદ્યાર્થીઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સના કૌશલ્યને પ્રોત્સાહન આપીને વૈશ્વિક સ્તરના સંશોધકો તૈયાર કરવાનો છે. આ સ્પર્ધાના જુદા-જુદા તબક્કાઓમાં વિજેતા થનાર પ્રતિભાઓ માટે ૫ કરોડની માતબર ઇનામી રકમ રાખવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . .

## GIR SPORTS

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના સરખડી ગામની વોલીબોલ ખેલાડી રાજલ વાળાએ થાઈલેન્ડ ખાતે યોજાયેલી 16મી એ.વી.સી. એશિયન વિમેન્સ અંડર- 18 વોલીબોલ ચેમ્પિયનશિપમાં ભારતીય મહિલા ટીમનું નેતૃત્વ કરીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.નાખોન રાત્ચાસિમા ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં રાજલ વાળાના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમે કોરિયા , ચાઈનીઝ તાઈપેઈ અને વિયેતનામ જેવી મજબૂત ટીમો સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું.

કોડીનાર તાલુકાનું સરખડી ગામ વર્ષોથી 'વોલીબોલ વિલેજ' તરીકે ઓળખાય છે. રાજલબહેન અગાઉ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક ચંદ્રકો જીતી ચૂક્યા છે.

. . . . . . . . . . . . . . . . . .